આપનું સપ્તાહ કેવું જશે?

તા.૨૨/૧૨/૨૦૨૫ થી તા.૨૮/૧૨/૨૦૨૫ સુધી

લેખકઃ જ્યોતિષાચાર્ય હંસરાજ મો. નં.: 9825726442
E-mail : bharatjyotish03@yahoo.co.in

મેષ (અ,લ,ઈ):- ચાલુ વીક મહેનતનાં પરિણામ સંતોષજનક આપનાર રહેશે. નવા ફેરફારથી કામનો બોજ ઓછો થાય. નવા સોદા થાય. પ્રોપર્ટીનાં કામ થાય. ઉપરી વર્ગનો સાથ મળે. મોજ-શોખ અને શૃંગારના ધંધામાં લાભ. નવા રોકાણમાં ધીરજ રાખવી. અચાનક આર્થિક લાભ થાય. પ્રેમમાં અસંતોષ અને ગેરસમજ પેદા થાય. વિદ્યાર્થીઓની અશાંતિ વધે. વિશ્વાસઘાતથી બચવું. ઓનલાઈનથી નવું શીખવા મળે.

વૃષભ (બ,વ,ઉ):- ચાલુ વીકમાં ભૂતકાળના અનુભવ કામ આવે. લાંબા ગાળાના નિર્ણયો લેવાય. ધાર્મિક યાત્રા, ધાર્મિક સાહિત્ય, કાયદા, કાનૂન, ઉચ્ચ શિક્ષણ આયાત-નિકાસ અને વિદેશ પ્રવાસનાં કામમાં મદદ મળે. ઉપરી વર્ગ સાથે ઘર્ષણથી અશાંતિ વધશે. નવી નોકરીની તક મળે. સરકારી નોકરિયાતે સાવધાન રહેવું. વડીલોના સાથ મળે. પ્રેમમાં વિવાદ થાય. મિત્રોનો સાથ મળે. નવાં રોકાણથી લાભ થાય.

મિથુન (ક,છ,ઘ):- સપ્તાહ નવી જવાબદારીઓવાળું રહેશે. ઉચ્ચ હોદ્દામાં રહેલની જવાબદારી અને મહેનત વધશે. નોકરી-ધંધા તેમજ કુટુંબ પરિવારના કામમાં સાથ મળે. આર્થિક બાબતે ભાગ્યનો સાથ મળે. ભાગીદારીની યોજના પાર પડે. ઉમરલાયકના વિવાહ થાય. આધ્યાત્મિક શાંતિ મળે. વિલ-વારસાના કામમાં પ્રગતિ થાય. શુભ સમાચારથી ઉત્સાહ વધે. જીવનસાથીનો સાથ મળે.

કર્ક (ડ,હ):- ચાલુ વીકમાં વિરોધીઓથી હેરાનગતિનો અનુભવ થાય. બિનજરૂરી ખર્ચા વધે. મોજ-શોખ પાછળ ખર્ચા ઓછા કરવા. નોકરીમાં પ્રગતિ થાય. નવી નોકરી મળે. કોર્ટ, કચેરીમાં પ્રગતિ થાય. સમાજજીવનમાં પ્રતિષ્ઠા વધે. દાંપત્યજીવનમાં તાલમેળ રહે. ઉમરલાયકના વિવાહ થઈ શકે છે. આરોગ્ય નરમ રહે. શુભ કામમાં ખર્ચા વધશે. ઉચ્ચ શિક્ષણમાં નવી ટેકનોલોજીનું શિક્ષણ ઉપયોગી રહે.

સિંહ (મ,ટ):- ચાલુ વીકમાં તમારી લાગણીઓ પર કાબૂ રાખવો. બીજાને ખુશ કરવા તમારી લાગણી દુભાઈ શકે છે. પ્રેમ પ્રકરણમાં પ્રેક્ટીકલ રહેવું. નવાં રોકાણમાં ધીરજ રાખવી. સરકારી નોકરિયાત પર નવી જવાબદારીનો ભાર વધશે. સરકારી કામમાં પ્રગતિ થાય. સહકર્મીઓનો વ્યવહાર અપમાનિત લાગશે. હિતશત્રુઓથી સાવધાન. દાંપત્યજીવનમાં ઉત્સાહ વધે. સામાજિક કામ થાય.

કન્યા (પ,ઠ,ણ):- સપ્તાહ ઉત્સાહ અને હકારાત્મક ઊર્જા વધુ રહે. પારિવારિક સંબંધો મજબૂત બને. તમારી જીવનશૈલીમાં નિખાર આવે. પ્રેમજીવન રોમેન્ટીક રહે. વફાદાર મિત્રોનો સાથ મળે. સ્ત્રી વર્ગ અને મોજશોખને લગતી વસ્તુના વેપારમાં આર્થિક લાભ થાય. નવાં આર્થિક રોકાણ થાય. નોકરીમાં જવાબદારી વધશે. માનસિક અને શારીરિક પીડાથી બચવું. શુભ સમાચાર મળે.

તુલા (ર,ત):- શુભ સમાચારથી વીકની શરૂઆત થાય. સર્જનાત્મક અને ટેકનોલોજીના કામમાં સફળતા મળે. ઈન્ટરવ્યુમાં પ્રગતિ થાય. નવી નોકરીની તક મળે. ઉપરી વર્ગ વડીલોનો સાથ તમારા કામને સરસ બનાવશે. કલા-સાહિત્ય, લેખન, પ્રવાસ અને શિક્ષણને લગતાં કામમાં સફળતા મળે. પ્રેમમાં ગેરસમજ થાય. સરકારી નોકરીની તૈયારીમાં ઉત્સાહજનક પ્રગતિ થાય.

વૃશ્ચિક (ન,ય):- સપ્તાહ તમારા જીવનસાથીના કેરિયરમાં મદદરૂપ બનવાના મોકાવાળું રહે. અચાનક સફળતાથી ઘરમાં ખુશી વધે. મોજ-શોખના ધંધામાં લાભ થાય. સર્જનાત્મક કામ સફળ બને. નવી શરૂઆત ઉત્સાહજનક રહે. પોતાના સ્વતંત્ર ધંધા-વેપારની તક મળે. આધુનિક ટેકનોલોજીથી લાભ થાય. ઓનલાઈન ધંધામાં પ્રગતિ થાય. પ્રેમમાં અશાંતિ.

ધન (ભ,ધ,ફ,ઢ):- ચાલુ વીકમાં અંગત જીવન રંગીન અને ઉત્સાહજનક અનુભવવાળું રહે. વધુ પડતા ઉત્સાહ અને લાગણીઓના કારણે માનસિક અશાંતિ વધશે. પ્રવાસમાં સાવધાન રહેવું. ઉઘરાણી આવી શકે છે. ઘરમાં શુભ પ્રસંગનું આયોજન થાય. નવી ખરીદીથી મન ખુશ રહે. પારિવારિક ધંધામાં આર્થિક લાભ થાય. ટેકનોલોજીનો લાભ મળે. છેતરાઈ જવાનું બની શકે છે.

મકર (ખ,જ):- સપ્તાહ દરમ્યાન કોઈ લોભ લાલચમાં આવીને ખોટું કામ કરવાનું ટાળવું. પોલીસ, કોર્ટ, કચેરી જેવાં લફરાં થઈ શકે છે. પરિવાર સાથે ધાર્મિક પ્રવાસ થાય. નોકરી-ધંધા માટે મિટીંગ હકારાત્મક રહે. સમાજ અને કૌટુંબિક પ્રશ્નો હલ થઈ શકે છે. વાણી પર કાબૂ રાખવો. ઉધાર લેવા-દેવાનું ટાળવું. ટેકનોલોજીથી પ્રભાવિત થવું નહીં. છેતરાઈ જવાય.

કુંભ (ગ,સ,શ,ષ):- વિદ્યાર્થીઓ માટે વીક અનુકૂળ રહેશે. શેરબજારમાં સાવધાની રાખવી. પ્રેમમાં લાગણીઓ પર કાબૂ રાખવો. સંતાન બાબતે અનુકૂળતા થાય. પ્રવાસ, વિદેશ, પોલીસ, હોસ્પિટલ સરકારને લગતાં કામમાં મદદ મળે. રાજકારણ સાથે સંકળાયેલાની તકલીફ વધી શકે છે. પડવા-વાગવાથી સાવધાન રહેવું. વાણી અને વ્યવહારથી સફળતા મળી શકે છે. ઓનલાઈન પર સાવધાન.

મીન (દ,ચ,ઝ,થ):- સપ્તાહ દરમિયાન સંતોષજનક પ્રગતિનો અનુભવ થાય. નવું શીખવાનું મળે. ઓનલાઈન ધંધા, વિદેશ, ઉચ્ચ શિક્ષણમાં પ્રગતિ થાય. પ્રેમમાં સાથ મળે. શેર, સટ્ટા, લોટરી, વાયદાનાં કામ થાય. મિત્રો સાથે નવા વ્યવસાય કે સમાજને લગતાં કામથી શાંતિ મળે. સંતાનોના અભ્યાસની ચિંતા હળવી થાય. ધાર્મિક પ્રવાસથી શાંતિ મળે. સમાજમાં માન વધે. આર્થિક લાભ થાય.

વર્ષ 2026 અને Personal Number

2026- 2+0+2+6 = 10= 1 સૂર્યનું પ્રતીક છે. વૈજ્ઞાનિક દૃષ્ટિએ અખંડતા અને પૂર્ણતાનું પ્રતીક છે. અંક એક જીવનની મૂળભૂત આવશ્યકતાઓનું પ્રતિનિધિત્વ કરે છે. માટે જે લોકોનો મૂળ આંક અને ભાગ્ય આંક એક હોય છે તેઓ જીવનના અંત સુધી સંઘર્ષ કરતા હોય છે. હંમેશા પોતાની જરૂરિયાત, આજીવિકા માટે સતત પ્રયત્નશીલ રહે છે. મોટા ભાગે સ્થાયીત્વમાં માને છે અને જ્યાં સુધી પરિવર્તન કરવા માટે મજબૂર ન થાય ત્યાં સુધી એ જ સ્થિતિમાં રહેવાનું પસંદ કરે છે.

2026 ભવિષ્યમાલિકા અનુસાર ત્રીજા વિશ્વયુધ્ધના દરવાજાને પૂર્ણ રીતે ખોલનાર સાબિત થશે. 2025 દુનિયા માટે યુધ્ધ અને વિનાશક આપત્તિના દરવાજા ખોલનાર મંગળનું વર્ષ હતું અને 2026 રાજા સૂર્યનું છે. જે યુધ્ધના અને કુદરતી આપત્તિના જનક છે માટે હિમવર્ષા, ગરમી, ભૂકંપ- સુનામિ- અતિવર્ષા, આતંકવાદ વગેરેની અતિશયોક્તિ જોવા મળશે. ભૂખંડ પર પ્રાકૃતિક બદલાવની સાથે આગ, અકસ્માત અને આર્થિક અસ્થિરતાથી દુનિયામાં અશાંતિ અને અસલામતીથી ભયનું વાતાવરણ સૂચવે છે. ખાસ કરીને 2025 અને 2026 મંગળ સૂર્યનાં વર્ષ હોવાથી નવા બદલાવ અને ચુનોતીઓમાંથી ફરજીયાત માનવજાતે પસાર થવું પડશે.

-2026નું વ્યક્તિગત રીતે વર્ષ કેવું રહેશે? તે સમજવા માટે અંક જ્યોતિષના ખાસ નિયમો છે. કોઈ પણ જાતકનો મૂળ જેને driver Number કહેવામાં આવે છે જે જન્મતારીખના પ્રથમ અંક કે બે અંકથી નીકળે છે. બીજો મહત્ત્વનો અંક ભાગ્ય આંક કે જેને Counductor Number કહેવામાં આવે છે. જે જ. તા. માસ અને વર્ષથી નીકળે છે. સામાન્ય રીતે આ બે આંકનું ઘણું જ મહત્ત્વ છે. દા.ત.15-08-1947 માં 1+5 =6 એ મૂળ આંક, 1+5+8+1+0+4+7= 35= 3+5= 8. આને ભાગ્યઆંક કહેવાય. મૂળ આંક 6 અને ભાગ્ય આંક 8 એકબીજાના મિત્ર છે. માટે જ ભારતનો વિકાસ આઝાદી પછી ઉત્તરોત્તર થતો રહ્યો છે. Bharatનો ભાગ્યશાળી નંબર પણ 6 આવે છે. ટૂંકમાં ભારત શુક્ર અને શનિપ્રધાન છે. પરિશ્રમ અને સમૃદ્ધિના વાહક ગ્રહોએ આજે ભારતની શાન દુનિયામાં વધારી છે. અંકશાસ્ત્રમાં ભાગ્યશાળી નંબર કે Lucky Number જે તે જાતકના નામ પરથી નીકળે છે. Chaldeam and Cherio પધ્ધતિ તરીકે ઓળખાય છે. જેમાં દરેક આંકને અક્ષર આ પ્રમાણે આપવામાં આવ્યા છે. નવ નંબર લેવામાં આવતો નથી. કારણ કે તે પૂર્ણ અને શાશ્વત નંબર છે. Pythagorean and Vaidic Numerologyમાં 9નો આંક લેવામાં આવે છે. તેમાં 9 માં I અને R ને સ્થાન આપવામાં આવ્યું છે. પણ Chaldean પધ્ધતિ વધુ શાશ્વત છે. ઉપરના કોઠા પરથી નામનો આંક કાઢીને પોતાનો Lucky નંબર નક્કી કરી શકાય છે. નામ જે ચલણમાં હોય તે જ લેવાનું રહે છે. દા.ત. Bharat= 2+5+1+2+1+4=15= 1+5=6 આ ભારતનો Lucky નંબર થયો. મૂળ આંક 6, ભાગ્યઆંક 8 અને લકી નંબર6 આ ત્રણેય નંબર શુક્ર-શનિ એકબીજાના પરમ મિત્ર હોવાથી ભારત માટે શુભ છે.

૧	૨	૩	૪	૫	૬	૭	૮
A	B	C	D	E	U	O	F
I	K	G	M	H	V		
J		L		N		Z	P
Q	R	S	T	X	W		
Y							

ધારો કે કોઈનો Lucky નંબર મૂળ અને ભાગ્ય આંક સાથે મેળ ન ખાતો હોય તો તેના નામમાં ફેરફાર કરીને સુધારી શકાય છે. પણ મૂળ આંક અને ભાગ્ય આંક કોઈ પણ ભોગે સુધારી શકાતા નથી તે કાયમી છે. કોઈ પણ જાતકની જન્મતારીખનો અંક જે તે વ્યક્તિના વ્યક્તિત્વનું વર્ણન કરે છે. માસ એ વ્યક્તિની સામાન્ય બાબત બતાવે છે અને વર્ષનો આંક પૂર્વ જન્મનાં કર્મોનું નિર્દેશન કરે છે. જે તમને કઈ દિશામાં લઈ જશે તે બતાવે છે.

કોઈ પણ જાતકનું ચાલુ વર્ષ કેવું રહેશે તે જાણવા માટે જાતકનો Personality Number- વ્યક્તિગત નંબર કાઢવો પડે. આ વ્યક્તિગત નંબર જ જે તે જાતકનું દા.ત. 2026નું કેવું રહેશે તે નક્કી કરે છે. તે કાઢવા માટે જન્મ તા. જન્મ માસ અને ચાલુ વર્ષનો સરવાળોનો આખરી નંબર જ બતાવે છે. દા.ત. Bharat 15/08/2026- 1+5+8+2+2+6= 24= 2+4= 6 નંબર. 6 શુક્રનો આંક જે ભારતનો મૂળ અને લકી નંબર છે જે જોતાં અતિ શુભ કહેવાય. પણ 2026= નો અંક 01 એક આવે છે. જે સૂર્યનો છે. જે શુભ નથી. નંબર-01 માટે નંબર-06 અને 08 શત્રુ આંક છે. માટે 2026નું વર્ષ ભારતના રાજકારણ, આર્થિક વિકાસ, નોકરી, ધંધા, વિદેશ નીતિ, શિક્ષણ, સામાજિક સમસ્યા, આરોગ્યની સમસ્યા ખાસ તો શુક્ર શનિને અસર કરતી પરિસ્થિતિનું પરિણામ પ્રતિકૂળ મળશે. ભારતના રાજકારણમાં ઊથલપાથલ થાય. મોંઘવારી, કુદરતી આફત, માનવસર્જીત આફત વગેરેનો સામનો પ્રજાએ કરવો પડશે. પડોશી દેશો સાથે યુધ્ધ જેવી પરિસ્થિતિનું નિર્માણ થાય.

કોઈ પણ જાતકનું વર્ષફળ વ્યક્તિગત નંબર પરથી જ જાણી શકાય છે. સામાન્ય રીતે 2026નું વર્ષ મૂળ આંક 1,2, 3, 5 અને 9 માટે સારું છે. બાકીના 4, 6,7,8 માટે પ્રતિકૂળ છે. પણ જો તમારા વ્યક્તિગત નંબર સાથે તમારા મૂળ અને ભાગ્ય આંકનો શુભ સંબંધ હશે તો જ શુભાશુભ ફળ મળશે. તમારી જન્મ તા. જ .માસ અને ચાલુ વર્ષનો સરવાળો તમારા જન્મના અંક સાથે તાળમેળ ઉપર જ આધાર છે. માટે ઉપર પ્રમાણે જાતે ચકાસણી કરીને તેના ઉપાય પણ છે તે કરવા.

દુકાન ખાલી કરાવવાના વિવાદમાં

નાનપુરાના યુવાને પોતાનું જ ઘર સળગાવી દીધું

પિતાએ પુત્ર સામે 18 લાખના નુકસાનની ફરિયાદ નોંધાવી

સુરત : નાનપુરા વિસ્તારના ગોવર્ધન સ્ટ્રીટમાં મિલકતના વિવાદને લઈને એક ચોંકાવનારી ઘટના સામે આવી છે. પુત્રે જ પોતાના પિતાના મકાનના ગ્રાઉન્ડ ફ્લોરમાં પેટ્રોલ છાંટી આગ લગાવતા ભાડુઆતની દુકાન સહિત મકાનને ભારે નુકસાન પહોંચ્યું હોવાનું બહાર આવ્યું છે. આ બનાવ અંગે અઠવાલાઈન્સ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાઈ છે.પોલીસે હાલ પુત્રની ધરપકડ કરી વધુ તપાસ હાથધરી છે.

નાનપુરા ગોવર્ધન સ્ટ્રીટમાં રહેતા 57 વર્ષીય રિક્ષા ચાલક ઉમેશભાઈ બાબુભાઈ પટેલે દાદાના નામે ચાલતી મિલકતમાં ગ્રાઉન્ડ ફ્લોર ભાડે આપેલો છે, જ્યારે પ્રથમ માળે નાનો ભાઈ અને બીજા માળે પોતે રહે છે. તેમનો પુત્ર સની કેટલાક સમયથી ગ્રાઉન્ડ ફ્લોરની ભાડેથી આપેલી દુકાન ખાલી કરાવી ત્યાં રહેવાની માંગ કરી રહ્યો હતો. આ બાબતે અવારનવાર પરિવાર સાથે ઝઘડા કરી ગાળાગાળી તેમજ જાનથી મારી નાખવાની ધમકીઓ આપતો હતો. ગત 20મીના રોજ બપોરે અંદાજે ત્રણથી ચાર વાગ્યાના અરસામાં સની પટેલે ફરી ઝઘડો કર્યો હતો. ત્યારબાદ થોડા સમયમાં પ્લાસ્ટિકની બોટલમાં પેટ્રોલ લઈને આવ્યો અને ભાડેથી આપેલી ગ્રાઉન્ડ ફ્લોરની જગ્યા પર બારીમાંથી પેટ્રોલ છાંટી દિવાસળીથી આગ ચાંપી દીધી હતી. બાદ તે પોતાની પત્ની અને દીકરી સાથે સ્થળ પરથી ફરાર થઈ ગયો હતો.

ઘટનાની જાણ ફાયર બ્રિગેડ તથા પોલીસને જાણ કરવામાં આવી હતી. ફાયર વિભાગે આગ કાબૂમાં લીધી હતી. તપાસમાં ભાડુઆત વિશાલભાઈ કાંતિભાઈ પટેલની સાઈન બોર્ડ બનાવવાની દુકાનમાં રહેલું લેસર મશીન, રેડિયમ કટિંગ મશીન, ત્રણ કમ્પ્યુટર, પ્રિન્ટર, કાચો માલ અને રોકડ સહિત અંદાજે રૂ.12 લાખનું નુકસાન થયું હોવાનું જાણવા મળ્યું છે. ઉપરાંત મકાનના સ્ટ્રક્ચરને પણ અંદાજે રૂ.6 લાખનું નુકસાન થયું છે. આમ કુલ રૂ.18 લાખ જેટલું નુકસાન થયું છે. આ સમગ્ર મામલે ઉમેશભાઈ પટેલે અઠવાલાઈન્સ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે આરોપી સની ઉમેશભાઈ પટેલ વિરુદ્ધ આગ લગાવવી, ધમકી આપવી અને નુકસાન પહોંચાડવા અંગે ગુનો દાખલ કરી આગળની તપાસ શરૂ કરી છે.પોલીસે ગણતરીના કલાકોમાં સની પટેલને પકડી પાડી વધુ પૂછપરછ હાથ ધરી છે.

હજુ બે દિવસ તાપમાન ઊંચું રહેવાની આગાહી

રાજ્યમાં સૌથી ઓછું તાપમાન 13.8 ડિગ્રી નોંધાયું

ગાંધીનગર : રાજયમાં હાલમાં ઠંડી થોડીક ઘટેલી છે. ખાસ કરીને આગામી 48 કલાક સુધી તાપમાન થોડુક ઉંચુ રહેશે તે પછી ઠંડીમાં 2થી3 ડિગ્રીનો વધારો થશે. આગામી 48 કલાક દરમ્યાન રાજયમાં તાપમાનમાં વધારો થશે તે પછી ઠંડી વધવાની છે. આજે રવિવારે રાજયમાં કચ્છના નલિયામા ઠંડીનો પારો 13.8 ડિગ્રીએ પહોચ્યો હતો. જયારે ભૂજમાં 35 ડિ.સે.,કંડલામાં 33 ડિ.સે.,અમરેલીમાં 33 ડિ.સે.,સુરેન્દ્રનગરમાં 33 ડિ.સે.,ડીસામાં 32 ડિ.સે., અમદાવાદમાં 31 ડિ.સે. અને સુરતમાં 33 ડિ.સે. ગરમી નોંધાવવા પામી હતી.

રાજયમાં આજે રવિવારે ઠંડીનો ચમકારો ઘટયો છે. ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્ર અને કચ્છમાં સામાન્ય કરતાં ઉંચુ તાપમાન નોંધાવવા પામ્યુ છે. નલિયામાં ઠંડીની અસર વર્તાઈ રહી છે. આજે રાજયની સૌથી વધુ ઠંડી 13.8 ડિ.સે. નલિયામા નોંધાવવા પામી છે. હવામાન વિભાગના વૈજ્ઞાનિકોના કહેવા મુજબ , રાજયમાં આગામી 48 કલાક બાદ 2થી 3 ડિગ્રી જેટલી ઠંડીનો પારો નીચે ગગડી જશે.

હવામાન વિભાગના સુત્રોએ કહયું હતું કે રાજયના અન્ય શહેરો પૈકી ભૂજમાં 18 ડિ.સે.,નલિયામાં 13.8 ડિ.સે.,કંડલા પોર્ટ પર 18 ડિ.સે.,કંડલા એરપોર્ટ પર 15 ડિ.સે., ભાવનગરમાં 15 ડિ.સે.,રાજકોટમાં 16 ડિ.સે.,સુરેન્દ્રનગરમાં 17 ડિ.સે.,મહુવામાં 15 ડિ.સે., અમદાવાદમાં 17 ડિ.સે.,ડીસામાં 17 ડિ.સે., ગાંધીનગરમાં 16 ડિ.સે.,વલ્લભ વિદ્યાનગરમાં 17 ડિ.સે.,વડોદરામાં 14 ડિ.સે.,અને સુરતમાં 19 ડિ.સે.,અને દમણમાં 16 ડિ.સે. લઘુત્તમ તાપમાન નોંધાવવા પામ્યું છે.

કાર રેલીમાં સ્ટંટ કરનાર ABVPના ત્રણ કાર્યકર ઝડપાયા

અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદની કારોબારી બેઠક પૂર્ણ થયા બાદ ન્યુ સિટીલાઇટ પર રેલી હતી

સુરત :અખીલ ભારતીય વિદ્યાર્થી પરિષદની ડીઆરબી કોલેજ ખાતે દક્ષિમ ગુજરાત એકમની કારોબારી બેઠક મળી હતી. જે પૂર્ણ થયા પછી કાર રેલી નીકળી હતી. જેમાં કેટલાક વિદ્યાર્થી કાર્યકર્તાઓ ગાડી બહાર ઊભા રહી સ્ટંટ કરતા હોવાનો વીડિયો વાયરલ થયો હતો. જેના આધારે અલથાણ પોલીસે ૩ કાર ચાલક વિદ્યાર્થીઓની ધરપકડ કરી છે.

શહેરના ન્યુ સિટી લાઇટ રોડ અને આચાર્ય હસ્તી માર્ગ ઉપર જાહેર રસ્તા પર જોખમી રીતે ફોરવ્હીલ ચલાવતો વીડિયો સોશ્યલ મીડિયામાં વાયરલ થતાં પોલીસ હરકતમાં આવી હતી. વિડિયોની ખરાઈ કરતા સદર બનાવ તા. ૧૯/૧૨/૨૦૨૫ના રોજ બપોરે ૧ થી ૩ વાગ્યાના સમયગાળા દરમિયાન જાહેરમાં બન્યો હોવાનું અને અખીલ ભારતીય વિદ્યાર્થી પરિષદની ડીઆરબી કોલેજ ખાતે દ.ગુજરાત એકમની કારોબારી બેઠક મળી હતી. આ બેઠક પુર્ણ થયા પછી કાર રેલી નીકળી હોવાનું સામે આવ્યું હતું. જેથી પોલીસ તપાસ કરતા ખુલ્યું હતું કે એક બ્લેક કલરની સ્કોર્પિયો ફોરવ્હીલ (રજી.નં. GJ-05-JU-8905), એક બ્રેઝા ફોરવ્હીલ (રજી.નં. GJ-05-RV-1111) તથા એક ફોરચ્યુનર ફોરવ્હીલ (રજી.નં. GJ-05-JQ-5351) ના ચાલકોએ જાહેર રસ્તા પર બેદરકારીપૂર્વક વાહન ચલાવી પોતે તથા અન્ય લોકોના જીવને જોખમમાં મૂક્યો હતો.

આ મામલે અલથાણ પોલીસે સ્કોર્પિયો ચાલક જીતેન્દ્ર પારસમલ માલી (રહે. કરેલી ગામ, તા. ઓલપાડ, જિ. સુરત), બ્રેઝા ચાલક લલિતકુમાર શિવલાલ કલાલ (ઉ.વ. 19, રહે. સચીન) તથા ફોર્ચ્યુનર ચાલક વાહીદ રફીક શોખ (ઉ.વ. 20, રહે. ઉન, સુરત)ને અટક કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.ત્રણે ચાલકોને યોગ્ય જામીન રજૂ કરતાં જામીન પર મુક્ત કરવામાં આવ્યા છે. તેમજ ગુનામાં વપરાયેલી ત્રણેય ફોરવ્હીલ પોલીસ દ્વારા કબ્જે લેવામાં આવી છે.

સુરત જિલ્લા કોંગ્રેસના મંત્રી મહમદઅલી ગરાસીયાનું રાજીનામું

કામરેજ બાદ ઓલપાડમાં પણ કોંગ્રેસને ઝટકો

સુરતઃ કામરેજ તાલુકા કોંગ્રેસમાં સંગઠનાત્મક ભંગાણ અને સામૂહિક રાજીનામાના પડઘા હજુ શાંત થયા નથી, ત્યાં ઓલપાડ તાલુકાનાલઘુમતી નેતા તથા સુરત જિલ્લા નેશનલ કોંગ્રેસ સમિતિના મંત્રી મહમદઅલી અહમદભાઇ ગરાસીયાએ પોતાના પદ તેમજ કોંગ્રેસ પાર્ટીના સભ્યપદ પરથી રાજીનામું આપી દીધું છે.

મહમદઅલી ગરાસીયાએ તા. ૨૦ ડિસેમ્બર ૨૦૨૫ના રોજ સુરત જિલ્લા કોંગ્રેસ પ્રમુખ આનંદભાઇ એમ. ચૌધરીને લેખિત રાજીનામું પાઠવી પોતાની નારાજગી સ્પષ્ટ શબ્દોમાં વ્યક્ત કરી છે. પોતાના રાજીનામામાં તેમણે જણાવ્યું છે કે વર્ષોથી પાર્ટીમાં સક્રિય કાર્યકર તરીકે કામ કર્યા બાદ પણ છેલ્લા ઘણા સમયથી સતત અવગણના થઈ રહી છે. તેમણે વધુમાં જણાવ્યું કે ઓલપાડ તાલુકા લઘુમતી સેલના પ્રમુખ તરીકે તેમજ ત્યારબાદ જિલ્લા કોંગ્રેસના મંત્રી તરીકે તેમણે નિષ્ઠાપૂર્વક પાર્ટીના હિતમાં કામગીરી કરી છે. છતાં હવે પાર્ટીમાં તેમની સેવાની જરૂર નથી એવી લાગણી ઊભી થઈ છે. સાથે જ મુસ્લિમ સમાજના મતોની પણ પાર્ટીને જરૂર નથી એવો સંદેશ મળી રહ્યો હોવાનો ગંભીર આક્ષેપ પણ તેમણે કર્યો છે. આ સતત અવગણના અને અપમાન સહન ન કરી શકતા તેમણે સ્વેચ્છાએ પાર્ટીના તમામ હોદ્દા અને સભ્યપદ પરથી રાજીનામું આપ્યું હોવાનું જણાવ્યું છે.

મહેસાણા પોલીસે વૃદ્ધને સાયબર માફિયાઓથી બચાવ્યા

વૃદ્ધને ડિજિટલ એરેસ્ટ કરીને 66 લાખનો તોડ કરવાના પ્રયાસમાં હતા ત્યારે જ પોલીસ પહોંચી ગઇ

ગાંધીનગર : મહેસાણામાં રમેશચંદ્ર પટેલના નામના વૃદ્ધની ડિજીટલ ધરપકડ કરીને તેમની પાસેથી 66 લાખનો તોડ કરવાનો પ્રયાસ મહેસાણા સાયબર ક્રાઈમ બ્રાન્ચ પોલીસે નિષ્ફળ બનાવ્યો છે. સાયબર માફિયાઓએ વૃદ્ધને મુંબઈમાં તેમના નામે એકાઉન્ટ છે તેમાંથી પાકિસ્તાન-અફઘાનિસ્તાનમાં ટેરર ફંડિંગ થઈ રહ્યું છે અને તમારા નામનું ધરપકડ વોરંટ નીકળ્યું છે કહીને ડરાવ્યા હતા. તેથી વૃદ્ધે ફિક્સ ડિપોઝીટ તોડાવીને રૂપિયા ભેગા કર્યા હતા. સાયબર ક્રાઈમ પોલીસે સમયસર પહોંચીને સાયબર ગઠીયાઓના કારસાને નિષ્ફળ બનાવી વૃદ્ધને ડિજિટલ અરેસ્ટમાંથી મુક્ત કરાવ્યા હતા.

મહેસાણામાં રહેતા રમેશ પટેલને 12 ડિસેમ્બર, 2025ના રોજ ફોન આવ્યો હતો. સાયબર માફિયાએ ફોન પર કહ્યું કે, તમારો ફોન બે કલાકમાં બંધ થઈ જશે. ત્યારબાદ તમારો ફોન બીજા પોલીસ સ્ટેશનમાં ટ્રાન્સફર કરાય છે એવું કહ્યું હતું. તમારા નામે મુંબઈમાં એક સીમકાર્ડ ચાલુ છે અને તમારા આ ફોન દ્વારા ગુનાહિત પ્રવૃત્તિઓ થઈ રહી છે.તમારૂ સીમકાર્ડ મુંબઈની કેનેરા બેન્કના એક એકાઉન્ટમાં પણ કનેક્ટેડ છે. એકાઉન્ટમાંથી પાકિસ્તાન, અફઘાનિસ્તાન, યુકે અને યુએસએમાં આતંકવાદી માટે પૈસા ટ્રાન્સફર કરવામાં આવ્યા છે. એકાઉન્ટનો ઉપયોગ પાકિસ્તાન અને અફઘાનિસ્તાનમાં ટેરર ફંડિંગ માટે થઈ રહ્યો છે. ગઠિયાઓએ ધરપકડ વોરંટ નીકળ્યું હોવાની ધમકી આપી વીડિયો કોલ દ્વારા સતત 9 દિવસ 'ડિજિટલ અરેસ્ટ' રાખ્યા હતા. ધરપકડ વોરંન્ટ રદ કરવા 66 લાખ માંગવામાં આવ્યા હતા. ત્યાર પબાદ રમેશ પટેલે પોતાની બેન્કમાં રહેલી ફિક્સ ડિપોઝીટ તોડીને 66 લાખ ભેગા કર્યા હતા. જો કે રૂપિયા ટ્રાન્સફર કરતાં પહેલા પોલીસને જાણ કરી હતી. એવામાં મહેસાણા સાયબર ક્રાઈમ બ્રાન્ચ પોલીસ આવી હતી. પોલીસે વીડિયો કોલ કાપીને તેમને ડિજિટલ અરેસ્ટમાંથી મુક્ત કરાવ્યા હતા.

બિસ્માર રોડ મુદ્દે એક યુવકે તંત્ર સામે હિંમત બતાવી બાથ ભીડી, બીજા કેમ ચૂપ?

આખરે 111 દિવસ પછી પોલીસે NHAI વિરુદ્ધ ફરિયાદ નોંધવી પડી

29 ઓગસ્ટે એક યુવક ગરુડેશ્વરથી રાજપીપળા આવી રહ્યો હતો ત્યારે ખાડામાં પટકાતા ઈજા પહોંચી હતી

બે પોલીસ મથક, ડીવાયએસપી, જિલ્લા પોલીસ વડાએ ફરિયાદ લેવા નનૈયો ભણી દીધો

છેવટે માનવ અધિકાર આયોગે સુનાવણી કરી પોલીસને ફરિયાદ નોંધવા આદેશ આપ્યો

રાજપીપલાઃ ગરુડેશ્વરના એક યુવાનને બાઈક પર જતા અકસ્માત નડ્યો હતો. આ યુવાનને 111 દિવસની મહેનત બાદ NHAI વિરુદ્ધ પોલીસ ફરિયાદ નોંધાવવામાં સફળતા મળી હોવાનો રસપ્રદ કિસ્સો બહાર આવ્યો છે.

ઘટનાની પ્રાપ્ત વિગતો અનુસાર કેવડિયા કેનાલ હેડ પાવર હાઉસમાં ફરજ બજાવતા પ્રવીણકાન્ત ઝા નામનો યુવાન ગત 29 ઓગસ્ટના રોજ તેની બાઈક પર ગરુડેશ્વરથી રાજપીપલા આવી રહ્યો હતો. ત્યારે વાંસલા ગામ પાસે રોડ પર ખાડાને કારણે તેની બાઈકને અકસ્માત થતા તે નીચે પડી જતા ઈજાગ્રસ્ત થયો હતો. એ જ દિવસે આ ખાડાને કારણે અન્ય ત્રણ અકસ્માત થયા હતા. તે જાણી આ જાગૃત યુવાન તંત્રને જગાડવા NHAI વિરુદ્ધ પોલીસ ફરિયાદ નોંધાવવા ગયો, પરંતુ ગરુડેશ્વર કે કેવડિયા પોલીસ મથકે ફરિયાદ ના લીધી. જેથી તેણે ડીવાયએસપીને ફરિયાદ લેવા રજૂઆત કરી, પરંતુ ત્યાંથી પણ સકારાત્મક જવાબ ના મળ્યો. નિરાશ થયા વિના પ્રવીણ ઝાએ તેના પ્રયત્નો ચાલુ રાખ્યા અને જિલ્લા પોલીસ વડાને મળ્યા, તો પણ તેની ફરિયાદ તો ન જ નોંધાઈ. નાગરિકોને તેમના અધિકારો અંગે જાગૃત કરવા આખરે પ્રવીણ ઝાએ માનવ અધિકાર આયોગને ફરિયાદ કરી. માનવ અધિકાર આયોગે આ મામલે સુનાવણી રાખી અને નર્મદા પોલીસને તાકીદ કરી યુવાનની ફરિયાદ લેવા જણાવ્યું, ત્યારે આખરે પોલીસે NHAI વિરુદ્ધ ફરિયાદ નોંધી છે. આમ 111 દિવસ પછી યુવાનને સફળતા મળી. અન્ય કોઈ હોત તો હિંમત હારી જાત, પરંતુ પ્રવીણ ઝા ધ્યેય માટે લડતો રહ્યો અને સમાજને પણ એક મેસેજ આપ્યો કે હક્ક અને અધિકાર માટે લડતા રહો. જો કે આ ફરિયાદથી NHAI તંત્ર સુધરશે કે કેમ? એ જોવું રહ્યું.

અનુસંધાન... પાના પહેલાનું

નવા ગ્રામીણ...

કરવામાં આવ્યું હતું. રવિવારે નવી યોજના સામે દેશના વિવિધ ભાગોમાં વિરોધ પ્રદર્શનો ચાલુ રાખનારી કોંગ્રેસે મોદી સરકાર પર સંસદમાં ક્રાંતિકારી કાયદા મનરેગાનું અપમાન કરવાનો આરોપ લગાવ્યો અને કહ્યું કે બે દાય